ખાસ જરૂરી

ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૨૦-૨૧/૧૮૩૮૭
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં: ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર
તા.૦૮/૦૭/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ

વિષય:- **Digital Gujarat Portal** પરની વર્ષ: ૨૦૧૯-૨૦ની **SC / ST / OBC** વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓની કામગીરી પૂર્ણ કરવા બાબત (ધોરણ:૯ થી ૧૦)

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ:૨૦૧૯-૨૦ ની **SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority** જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો અમલ **Digital Gujarat Portal** પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવી કરવામાં આવે છે.

ઉક્ત બાબતે માધ્યમિક શાળાઓને તમામ પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કરવાની, તમામ વિદ્યાર્થીઓની એંટ્રી થઇ ગયા બાદ રાજ્યકક્ષાએથી જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાને વેરીફાઇ કરવામાં આવે ત્યારબાદ યોજનાવાર ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની સૂચનાઓ જિલ્લાની **SC / ST / OBC** કચેરીઓએથી અગાઉ આપવામાં આવેલ છે તેમ છતા ધણા આચાર્યશ્રીઓ દ્વારા શિષ્યવૃતિની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી. આમ તમામ આચાર્યશ્રીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરાવવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

શાળાકક્ષાએ વિદ્યાર્થીઓની એંટ્રી કરવાની કામગીરી, પ્રપોઝલ બનાવવાની કામગીરી, પ્રપોઝલને ઓનલાઇન સેન્ડ કરવાની કામગીરી સહિતની તમામ કામગીરી તા:૧૫/૦૭/૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબ આયોજ્ન કરવાનુ રહેશે. વધુમાં શાળામાં પાત્રતા ધરાવતા કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી ન જાય તેની પણ કાળજી લેવાની રહેશે. ડિજિટલ ગુજરાત પોર્ટલની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જે તે ખાતાના જિલ્લા અધિકારીશ્રીના સંપર્કમાં રહીને સંબધિતો પાસેથી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા જણાવામાં આવે છે.

વધુમાં ચાલુ વર્ષથી તમામ જિલ્લાઓમાં **E-Kuber** પધ્ધતિનુ ઇમ્પ્લીમેન્ટેશન શરૂ થયેલ હોય ચાલુ વર્ષથી જે વિદ્યાર્થીઓના ખાતા **"Dormant / Freeze / Inactive "** થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/**IFSC Code** ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેવા વિદ્યાર્થીઓને અગાઉની પધ્ધતિ મુજબ બેંક ડ્રાફ્ટ મળી શકશે નહિ તે અંગેની જાણ સંબધિત આચાર્યશ્રીને કરવાની રહેશે.

જે વિદ્યાર્થીઓના ખાતા **"Dormant / Freeze / Inactive "** થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/**IFSC Code** ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેની વિગતો જે તે આચાર્યશ્રીએ શાળાના લોગીનમાં જઇ ને

7852 | Email
9/07/2020

Scanned with CamScanner

"**Utility → Update Payment Failed Student Account** " મેનુમાંથી સુધારવાની રહેશે અને હાયર ઓથોરીટીને સેન્ડ કરવાની રહેશે. (જે વિદ્યાર્થીઓના ખાતા "**Dormant / Freeze / Inactive**" થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના ખાતા સંબધિત બેંકનો સંપર્ક કરી **Active** કરાવવાના રહેશે. જો ખાતા **Active** કરાવ્યા વગર ફરી હાયર ઓથોરેટીને સેન્ડ કરી દેવામાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઇન પેમેન્ટ થઇ શકશે નહિ. )

વધુમાં વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો સમયમર્યાદામાં સુધારવામાં આવશે નહિ તો તેવા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનુ ચુકવણું થઇ શકશે નહિ તે અંગેની માહિતી તમામ આચાર્યશ્રીઓને તાત્કાલિક આપવાની રહેશે અને સમયમર્યાદામાં આવા વિદ્યાર્થીઓના ખાતાની વિગતો અપડેટ થઇ જાય તે મુજબનુ આયોજન કરવાનું રહેશે. આમ તમામ જિલ્લા અધિકારીશ્રીઓને ઉક્ત બાબતો ધ્યાને લઇ સમયમર્યાદામાં દરખાસ્તો મોકલી આપવા તેમજ વિદ્યાર્થીઓના ખાતા અપડેટ કરવા અંગેની કામગીરીનુ આયોજન કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

ક્રમાંક:યોજના/પરચ/૨૦૨૦/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned with CamScanner

ખાસ જરૂરી

ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૨૦-૨૧/૧૮૩૮૮
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં: ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર
તા.૦૮/૦૭/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ

**વિષય:- Digital Gujarat Portal પરની વર્ષ: ૨૦૧૯-૨૦ની SC / ST / OBC વિદ્યાર્થીઓની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની કામગીરી પૂર્ણ કરવા બાબત (ધો:૧૧-૧૨, કોલેજ / સંસ્થાઓ)**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ:૨૦૧૯-૨૦ ની SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority વિગેરે જ્ઞાતિના વિદ્યાર્થીઓની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ / સહાય યોજનાઓની ઓનલાઇન અરજીઓ વિદ્યાર્થીઓ પાસેથી Digital Gujarat Portal દ્વારા ઓનલાઇન કરાવી સંબધિત શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીઓ મારફત મંગાવી અમલ કરાવવામાં આવે છે.

ઉક્ત બાબતે વર્ષ:૨૦૧૯-૨૦ અંતર્ગત શાળા/કોલેજ/સંસ્થાઓને તમામ પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીઓ જરૂરી પુરાવા સાથે જિલ્લાની SC / ST / OBC કચેરીઓએ રજુ કરવા અગાઉ સૂચનાઓ આપવામાં આવેલ છે તેમ છતા ઘણા આચાર્યશ્રીઓ દ્વારા શિષ્યવૃતિની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી. આમ તમામ આચાર્યશ્રીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા / કરાવવા જણાવવામાં આવે છે.

વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીઓ કરવાની કામગીરી તથા શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએ ઓનલાઇન અરજીઓ ચકાસવાની કામગીરી તથા અરજીઓ ચકાસ્યા બાદ દરખાસ્તો જરૂરી પુરાવા સહિત જિલ્લા કચેરીઓએ રજુ કરવાની કામગીરી તા:૧૫/૦૭/૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબ આયોજન કરવા જણાવવામાં આવે છે. શાળા/કોલેજ/સંસ્થાઓમાં પાત્રતા ધરાવતા કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી ન જાય તેની પણ કાળજી તમામ આચાર્યશ્રીઓએ લેવાની રહેશે. ડિજિટલ ગુજરાત પોર્ટલની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જે તે ખાતાના જિલ્લા અધિકારીશ્રીના સંપર્કમાં રહીને તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

ક્રમાંક:યોજના/૫૨૫/૨૦૨૦/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned with CamScanner

સમય મર્યાદા/તાત્કાલીક

ક્રમાંકઃ- નાનિ/ભાવ/શિક્ષણ/૨૦૨૦/ ૯૩૦ થી ૯૯૩૬
નાયબ નિયામકશ્રી(અજા)ની કચેરી,
જી-૫,એનેક્ષસ બીલ્ડીંગ, બહુમાળી ભવન,
ભાવનગર, ફોન નં. ૦૨૭૮-૨૫૧૫૭૨૯
તા. ૪/ ૭ /૨૦૨૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક નં. 2077
તારીખ 8/7/20
શાખા :

પ્રતિ,

............................................

............................................

............................................

વિષયઃ- વર્ષઃ ૨૦૧૯-૨૦ની અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ બાબત.

---

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળની અત્રેના જિલ્લાની શાળા/કોલેજો/ભવનોમાં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ યોજનાઓની કામગીરી વર્ષઃ ૨૦૧૭-૧૮ની Digital Gujarat portal પર ઓનલાઇન કરવામાં આવેલ છે.

ઉક્ત બાબતે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૯-૨૦માં આપની સંસ્થા/કોલેજ/શાળાઓમાં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થીઓની Digital Gujarat portal પર ઓનલાઇન શિષ્યવૃતિના ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૫/૦૩/૨૦૨૦ હતી, જે અન્વયે સરકારશ્રી દ્વારા Digital Gujarat portal તા.૨૦/૦૭/૨૦૨૦ સુધી ફરીથી ખોલવામાં આવેલ હોય, આપની સંસ્થાના જે વિદ્યાર્થીઓ ઓનલાઇન શિષ્યવૃતિ ફોર્મ ભરવાનું રહી ગયેલ હતું કે શરતચુકથી ક્લોઝ થઇ ગયેલ હતું તેવા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિના ફોર્મ ભરવા બાબતે યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

વધુમાં આચાર્યશ્રીના લોગ-ઈનમાં પડતર રહેલ હોય, તેવી શીષ્યવૃતિની અરજીઓ બાબતે નિયમોનુસાર ઘટતી કાર્યવાહી કરી તાત્કાલીક અત્રેની કચેરીએ ઓનલાઇન તેમજ હાર્ડકોપીમાં મોકલી આપવી. તેમજ કોઇ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચીત ન રહે તેની અંગત તકેદારી રાખવા વિનંતી છે.

તથા ભવિષ્યમાં શિષ્યવૃતિ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી આચાર્યશ્રી/સંસ્થાની રહેશે. જેની નોંધ લેવા વિનંતી.

નાયબ નિયામક(અજાક)
(વર્ગ-૧) ભાવનગર

રવાનગી કારકુન :-
નાયબ નિયામક(અ.જા.)ની કચેરી

ક્રમાંકઃયોજના/પરચ/૨૦૨૦/ ૮૭૬
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૦૭/૦૭/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned with CamScanner